| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૪/૦૫/૨૦૨૪ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૦૪/૦૫/૨૦૨૪ |
| ફેંસલ તારીખ | ૨૨/૦૪/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ<br>૦૧ – ૧૧ – ૧૮ |

કડીના મે. એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં,
મુકામ–કડી,મહેસાણા.

ક્રિમીનલ કેસ નંબર ૯૦૧/૨૦૨૪
આંકઃ

ફરિયાદીઃ– પટેલ આનંદ મણીલાલ
રહે. ૧૦, અંકુર સોસાયટી, થોળ રોડ,
મુ.તા.કડી, જી.મહેસાણા

**વિ રૂ ધ્ધ**

આરોપીઃ– ડો. પૂજા નિખિલ મહેશ્વરી,
રહે. ૧૧, ચામુંડા સોસાયટી, વાવ રોડ,
મુ.તા.ભાભર, જી.બનાસકાંઠા

**ગુનોઃ–** ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબ.

ફરિયાદી તરફે વિદ્વાન વકીલ શ્રી કે.એન.જાની
આરોપી તરફે વિદ્વાન વકીલ શ્રી એન.વી.ગોહેલ

**––// જ જ મે ન્ટ //––**

(૧) આ કામે ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદીને કડી ડૉક્ટર હાઉસમાં દાંતનું દવાખાનું આવેલ છે અને સદર

કામના આરોપીના પતિ ડોક્ટર નિખિલ ભરતભાઇ મહેશ્વરી જેના તેઓ ફરિયાદી સાથે સારા સબંધ છે અને આ કામના આરોપી ડૉ. પૂજા નિખિલ મહેશ્વરીના પતિ એટલે કે ડો. નિખિલ ભરતભાઇ મહેશ્વરી સાથે ફરિયાદી સાથે ક્લિનિક સંબંધી સલાહ સૂચનો કરવા બાબતે વાતચીત થતી હોવાથી અને તમો શ્રી ડો પૂજા નિખિલ મહેશ્વરી જે નિખિલ ભરતભાઇ મહેશ્વરીના પત્ની થતાં હોવાથી ફરિયાદી સદર કામના આરોપીને ઓળખે છે તેમજ આરોપીના પતિ સાથે ફરિયાદીને સારા સંબંધો હોવાથી સદર કામના આરોપીના પિતાશ્રીને પૈસાની જરૂરિયાત હોવાથી ફરિયાદી ડો. આનંદ મણિલાલ પટેલ પાસેથી ઉછીના રૂપિયા ૧૦,૦૦,૦૦૦/– અંકે રૂપિયા દશ લાખ પૂરાની રકમ એક વર્ષમાં ચૂકવી આપશે એવી બાંહેધરી સાથે આરોપીએ માંગણી કરેલી હતી અને સદર કામના આરોપી ડો. નિખિલ મહેશ્વરીના પત્ની હોવાથી સારી રીતે ફરીયાદી ઓળખતા હોવાથી રૂ.૧૦,૦૦,૦૦૦/– અંકે રૂપિયા દસ લાખ પૂરા ફરિયાદીએ સદર કામના આરોપીને વિશ્વાસ સાથે રોકડા તા.૧૮/૧૧/૨૨ સુધી ટુકડે ટુકડે આપેલા. ફરિયાદીએ સદર કામના આરોપીને આપેલ ઉછીનાની રકમ રૂ.૧૦,૦૦,૦૦૦/– અંકે રૂપિયા દશ લાખ પુરાને એક વર્ષ જેટલો સમય થઈ જતાં અને આરોપીએ એક વર્ષમાં ચૂકતે કરી આપવાની બાંહેધરી અને પાકો વિશ્વાસ ફરિયાદીને આપેલો હોઈ ફરિયાદીએ આરોપીને આપેલ ઉછીનાની માંગણી અને ઉઘરાણી કરતાં આરોપીએ તા.૦૧/૦૪/૨૦૨૪ ના રોજનો કોટક મહિન્દ્રા બેંક લી.નો પાલડી, અમદાવાદ શાખાનો ચેક નં.૦૦૦૦૧૨ નો ચેક ફરિયાદીના નામની વિગતો ભરી સહી કરી આપી જણાવેલ કે, સદર ચેક તમો તમારા ખાતામાં જમાં કરાવશો એટલે તમોને તમારી લેણી રકમ મળી જશે તે પાકો વિશ્વાસ અને ભરોસો સદર કામના આરોપીએ ફરિયાદીને આપેલો. ફરિયાદી આરોપીના કહ્યા મુજબ તારીખ ૦૩/૦૪/૨૪ ના રોજ ફરિયાદીએ તેઓના ખાતાવાળી મહિન્દ્રા કોટક બેન્ક, કડી શાખા જેનો ખાતાં નં.૦૮૧૫૦૧૪૦૦૨૮૧૦૪ માં સદર ચેક ભરેલ અને સદર ચેક આરોપીની બેન્કમાં કલીયરિંગ સારું જતાં સદર ચેક તા.૦૪/૦૪/૨૪ ના રોજ આરોપી પૂજા નિખિલ મહેશ્વરીના ખાતામાં પુરતુ બેલેન્સ નહી હોવાને કારણે રીટર્ન

થયેલ હતો. ત્યારબાદ ફરિયાદીએ આરોપીને જાણ કરેલી હતી કે તમોએ આપેલ ચેક જે રિટર્ન થયેલા હકીકત જણાવેલ હતી પરંતુ કોઈ યોગ્ય જવાબ નહી આપતા તા.૧૫/૦૪/૨૪ ના રોજ તેમના વકીલ શ્રી એસ.કે. જાની મારફતે ડિમાન્ડ નોટીસ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ મુજબ નોટીસ મોકલેલ અને આરોપીને તારીખ ૧૭/૦૪/૨૪ ના રોજ નોટીસની બજવણી થયેલ છે તેમ છતાં આરોપીએ નોટીસનો જવાબ આપેલ નથી કે કોઈ ખુલાસો કરેલ નથી જેથી પણ આરોપીનો બદઈરાદો સાબિત થાય છે તેમજ આરોપી રૂપિયા ૧૦,૦૦,૦૦૦/– અંકે દસ લાખ પૂરાનો ચેક આપી વિશ્વાસ આપેલો. આરોપીએ ચેક આપીને ચેકની રકમ રૂ.૧૦,૦૦,૦૦૦/– ચૂકવી આપેલ નથી અને જાતે કરીને પોતાના બેન્ક અકાઉન્ટમાં અપૂરતા નાણાં રાખીને ચેક આપીને છેતરપીંડી કરેલ છે અને આપેલ ચેક પરત થયેથી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ૧૩૮ મુજબ ગંભીર ગુનો કરેલ છે અને ચેકની ડીમાન્ડ નોટીસ ૧૫/૦૪/૨૪ ના રોજ આપેલ જે આરોપીને તા.૧૭/૦૪/૨૪ ના રોજ મળેલ છે જેનો જવાબ આપેલ ના હોઈ હાલના આરોપી નાણાં પરત નહી કરી, છેતરપીંડી કરી આરોપીએ ધી નેગો ઈન્ટ્રુ.એક્ટની કલમ–૧૩૮ નો ભંગ કરેલ હોઈ આરોપી વિરુદ્ધ હાલની ફરીયાદ કરેલ છે.

આમ, આરોપીએ ફરિયાદીને ચેક મુજબની લેણી રકમ ચુકવી આપેલ ન હોઈ અને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કાયદાની જોગવાઈનો ભંગ કરતું ગુનાહિત કૃત્ય કરેલ હોઈ, તેમજ આરોપીએ ફરિયાદી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરેલ હોઇ, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ હોઇ આરોપી વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી થવા સારું હાલની ફરિયાદ દાખલ કરી ફરિયાદીએ આરોપીને ચેકની ડબલ રકમનો દંડ કરવા અને તે રકમમાંથી નુકસાન વળતર તરીકે ચુકવવા અને બીજી હરકોઈ દાદ અપાવવા હાલની ફરિયાદ દાખલ કરેલ છે.

(૨) આ કામે રેકર્ડ ધ્યાને લેતાં, ઉપરોકત ફરિયાદ આધારે મારા પુરોગામી મેજીસ્ટ્રેટશ્રીએ ફરિયાદીનું વેરીફીકેશન લઇ આરોપી વિરૂદ્ધ ધી નેગોશીયેબલ

ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ અન્વયેનું કોગ્નીઝન્સ લઈ સમન્સ ઈસ્યુ કરેલ. જે સમન્સ બજી જતાં આરોપી હાજર થતાં આંક–૧૬ થી આરોપીની પ્લી લેવામાં આવેલ જેમાં આરોપીએ ગુનો કબુલ ના કરતાં હાલની કાર્યવાહી સમન્સ કેસની કાર્યવાહી તરીકે આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ફરિયાદી પક્ષ દ્વારા નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે.

| (એ) **મૌખિક પુરાવોઃ–** | |
|---|---|
| ૧. | આંક–૦૪ થી ફરિયાદી પટેલ આનંદ મણીલાલની સોગંદ ઉપરની જુબાની. |

(બી) **દસ્તાવેજી પુરાવોઃ–**

| **ક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧. | ૧૯ | આરોપીએ ફરિયાદીને આપેલ અસલ ચેક |
| ૨. | ૨૦ | ચેક પરત ફર્યા અંગેનો ચેક રીટર્ન મેમો (ફંડસ ઈનસફીસીયન્ટ) |
| ૩. | ૨૧ | ફરીયાદીએ તેમના વકીલ મારફતે તહોમતદારને આપેલ નોટીસની ઓફીસ કોપી |
| ૪. | ૨૨ | તહોમતદારને આપેલ રજી.એડી.નોટીસની પોસ્ટ દ્વારા આપવામાં આવેલ અસલ રસીદ |
| ૫. | માર્ક ૩/૫ | તહોમતદારને નોટીસ મળી ગયા બાદ પરત આવેલ એકનોલેજમેન્ટની કોપી અસલ / નોટીસ બજી ગયા અંગેની ટ્રેક કન્સાઈન્મેન્ટની ઓનલાઈન કોપી |
| ૬. | માર્ક ૩/૬ | સ્ટેટમેન્ટના ઉતારાની નકલ |

(૪) ત્યારબાદ ફરિયાદ પક્ષે આંક–૩૦ થી ક્લોઝીંગ પુરસીસ આપી પુરાવો પુરો થયાનું જાહેર કરતાં પુરાવો બંધ કરવામાં આવેલ છે. સદર કામે આરોપીને પૂરતી તક આપેલ હોવા છતાં આરોપી હાજર રહેતા ન હોય તા.૧/૭/૨૫ ના રોજ આંક–૨૩ લગત હુકમ કરી આરોપીનો ફરિયાદીની ઉલટતપાસનો હક્ક

બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીના વિ.વ.શ્રી દ્વારા તા.૨૭/૧/૨૬ ના રોજ આંક–૩૨ થી આરોપીનો ફરિયાદીની ઉલટતપાસ કરવાનો હક્ક ખોલવાની અરજી રજૂ કરવામાં આવેલ જેમાં સદરહુ કામ છેલ્લી છ મુદતથી ફરિયાદના વધુ પુરાવા માટે હોય તેમજ ફરિયાદીની ક્લોઝીંગ પણ આવી ગયેલ હોય સદર અરજી નામંજૂર કરવામાં આવેલ છે. ત્યારબાદ સદર કામ આરોપીના વિશેષ નિવેદન પર રાખવામાં આવેલ પરંતુ, આરોપી હાજર રહેતા ન હોય તેઓને પૂરતી તક આપેલ હોય આરોપીના વિશેષ નિવેદનનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

વિશેષમાં કેસ ચાલતા દરમ્યાન આરોપીના વિ.વ.શ્રી દ્વારા તા.૨૦/૩/૨૬ ના રોજ આંક–૩૮ થી સેસન્સ કોર્ટમાં અપીલમાં જવા માંગતા હોવાનો ઓર્ડર પાસ કરવા અરજી કરવામાં આવેલ જે અરજી લગત તા.૨૭/૧/૨૬ ના રોજ આરોપીની આંક–૩૨ ની ફરિયાદીની ઉલટતપાસનો હક્ક ખોલવાની અરજી નામંજૂર કરવામાં આવેલ અને સદર કામ આરોપીના વિશેષ નિવેદન પર રાખવામાં આવેલ અને જે તા.૨૧/૨/૨૬, ૨૮/૨/૨૬, ૧૦/૩/૨૬ તથા ૨૦/૩/૨૬ નીમવામાં આવેલ હોવા છતાં આરોપી હાજર રહેતા ન હોય કે આંક–૩૨ ની અરજી લગત થયેલ હુકમ વિરૂધ્ધ કોઈ અપીલ કે રીવીઝન કરેલ ના હોય સદર અરજી નામંજૂર કરવામાં આવેલ છે. ત્યારબાદ સદર કામ દલીલ પર રાખવામાં આવેલ જે સદર કામ દલીલો પર હોવા છતાં આરોપી હાજર રહેતા ન હોય આરોપીની દલીલનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

(૫) આ કામે ફરીયાદી તરફે તેમના વિ.વ.શ્રી દ્વારા મૌખિક દલીલો કરેલ છે જે ધ્યાને લેવામાં આવેલ છે.

(૬) આ કેસની ઉપરોક્ત હકીકતો, સંજોગો, ઉભયપક્ષોની રજૂઆતો તથા ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની જોગવાઈઓ ધ્યાને લેતાં, આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ, આ કોર્ટ સમક્ષ ઉપસ્થિત થાય છે.

// **મુદ્દા** //

(૧) શું ફરિયાદી નિઃશંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીએ સમગ્રરીતે અથવા અંશતઃ, કોઈપણ કાયદેસરનું દેવું કે અન્ય જવાબદારી અદા કરવા માટે, પોતે નિભાવતો હોય તેવા ખાતાનો સવાલવાળો તા.૧/૪/૨૪ ના રોજનો કોટક મહીન્દ્રા બેંક, પાલડી, અમદાવાદ શાખાનો ચેક નં.૦૦૦૦૧૨, રૂ.૧૦,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ લાખ પુરા) નો ફરિયાદીને આપેલ અને તે ચેક, નિયત સમયમાં ફરિયાદીએ બેંક સમક્ષ રજૂ કરતાં, તે ચેક ચૂકવણી કર્યા વિના પરત ફરેલ છે અને તે અંગે ફરિયાદીએ આરોપીને નિયત સમયમાં નોટીસ આપી, સદરહું ચેકની રકમની માંગણી કરવા છતાં, આરોપી નિયત સમયમાં સદરહું રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ ગયેલ છે અને તેમ કરી, આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬.૧) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) મુદ્દા નં.૧ – હકારમાં.

(૨) મુદ્દા નં.૨ – આખરી હુકમ મુજબ.

**–// કારણો //–**

<u>મુદ્દા નંબર – ૧ અંગે :</u>

(૭) ફરીયાદ પક્ષે આ કામના ફરીયાદી પટેલ આનંદ મણીલાલને આંક–૪ થી પુરાવાનું સોગંદનામું આપેલ છે. ફરીયાદી પોતાની સોગંદ પરની જુબાનીમાં સરતપાસના ભાગે પોતાની ફરીયાદ મુજબની હકીકત જણાવેલ છે, તેથી તેનું અહીં પુનરાવર્તન કરેલ નથી. ફરિયાદ પક્ષે રજૂ આંક–૧૯ થી ૨૨ મુજબના દસ્તાવેજી પુરાવાઓને પોતાના અદાલત રૂબરૂના સોગંદ ઉપરના પુરાવામાં સંપૂર્ણપણે સમર્થન આપેલ છે. જે તમામ દસ્તાવેજો જોતાં હાલના આરોપીએ ફરિયાદી પાસેથી નાણાં લીધેલાનું જણાય છે. જેનું આરોપી તરફે કોઇ ખંડન કરવામાં આવેલ નથી.

(૮) આ કામે પક્ષકારો તર્ફે રજૂ કરવામાં આવેલ પુરાવાઓ તથા કરવામાં

આવેલ દલીલોની ચર્ચા કરતા અગાઉ અને આરોપી સામેના આક્ષેપિત ગુનાની ઈન્સાફી કાર્યવાહીમાં આપવામાં આવેલ કારણોનો ઉલ્લેખ કરતા અગાઉ આ અદાલતના મંતવ્ય મુજબ ફરિયાદીએ તેની ફરિયાદના અનુસંધાનમાં આરોપી સામેનો ગુનો પુરવાર કરવા માટે સૌ પ્રથમ નીચે મુજબના તત્વો પુરવાર કરવા જોઈએ.

(૧) સૌ પ્રથમ તો ચેક કોઈપણ પ્રકારના કાયદેસરના દેવા અથવા જવાબદારી માટે લખાયેલો હોવો જોઈએ, તે હકીકત પુરવાર કરવી જોઈએ.

(૨) સદરહુ ચેક લખવામાં આવેલ, ચેક લખાયેલ તારીખથી છ મહિનાની અંદર બેન્ક સમક્ષ રજૂ થયેલાની હકીકત પુરવાર કરવી જોઈએ.

(૩) સદરહુ ચેક પરત ફરતા, ચેક પરત ફર્યાની તારીખથી નિર્ધારિત સમયમર્યાદામાં તે અંગેની જાણ ચેક લખી આપનારને નોટીસ આપી કરવી જોઈએ.

(૪) સદરહુ નોટીસ મળવા છતાં તેનું પાલન થયેલ નથી તે બાબતની ખાત્રી ફરિયાદીએ અદાલતને કરાવવી જોઈએ.

(૮.૧) ઉપરોક્ત બાબતો પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષ ઉપર છે અને ઉપરોક્ત હકીકતો એટલે કે, "ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮" ની કરવામાં આવેલ જોગવાઈઓનુ પાલન પુરવાર થયેથી, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૯ થી કરવામાં આવેલી જોગવાઈ મુજબ જ્યાં સુધી વિરૂદ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી ફરિયાદીના લાભમાં અનુમાન કરવામાં આવશે તેમ જણાવેલ છે, તેમ છતાં "ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૯" થી વિરૂદ્ધનો પુરાવો રજૂ કરવાની જવાબદારી તથા "ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૧૮" ના વૈધાનિક અનુમાન (સ્ટેચ્યુટરી પ્રિઝમ્પશન) થી વિરૂદ્ધની હકીકત સાબિત કરવાની જવાબદારી આરોપી ઉપર નાખવામાં આવેલી છે. જેથી આરોપી, વિરૂદ્ધનો પુરાવો જ્યાં સુધી રજૂ ન કરે એટલે કે ખંડનાત્મક

પુરાવો રજૂ ન કરે ત્યાં સુધી આરોપી વિરૂદ્ધનુ અનુમાન અદાલતે કરવુ જોઈએ તેવી કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતાં "ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૯" માં જણાવવામાં આવેલી જોગવાઈઓ મુજબની હકીકતો એટલે કે, ચેક કાયદેસરનો લેણા અથવા જવાબદારી પેટે લખાયેલ છે તથા તે ચેક ખાતામાં પૂરતું ભંડોળ ન હોવાના કારણે કે ખાતુ બંધ કરાવેલ હોવાના કારણે પરત ફરેલ છે તે તથા ચેક પરત ફર્યા બાદ નોટીસ આપવામાં આવેલી છે અને તે નોટીસ આરોપીને મળી ગયેલ છે તે બાબતનો પુરાવો અદાલતના રેકર્ડ ઉપર રજૂ કરવાની જવાબદારી ફરિયાદીની છે, અને ફરિયાદી જ્યાં સુધી ઉપર મુજબની હકીકતો પુરવાર ન કરે ત્યાં સુધી આ અદાલત "ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૯" થી કરવામાં આવેલ જોગવાઈ મુજબની ફરિયાદીની તરફેણમાં એટલે કે, ચેકની ધારણા માટેની તરફેણમાં અનુમાન કરી ના શકે અને જો ફરિયાદી એવુ ઈચ્છતા હોય કે આ અદાલત ફરિયાદીની તરફેણમાં "ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૯" મુજબનુ અનુમાન કરે તો ફરિયાદીએ "ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮" માં કરવામાં આવેલ જોગવાઈ મુજબની હકીકતો પુરવાર કરવી જોઈએ.

(૯) વધુમાં, આ રીતે કરવામાં આવતા કાયદાકીય અનુમાનોનું કોર્ટ સમક્ષ સબળ અને સચોટ પુરાવાથી ખંડન કરવાની જવાબદારી, સદરહું ચેક લખનારના શીરે રહે છે અને આરોપી દ્વારા માત્ર તે હકીકતોનો ઈન્કાર કરી દેવા માત્રથી જવાબદારીનો તે બોજો ફરિયાદી ઉપર ખસી જતો નથી. આ અંગે નામદાર સુપ્રિમ કોર્ટનો **"Hiten P. Dalal Vs Bratindranath Banerjee–2001 (6) SCC 16"** નો ચુકાદો જોવામાં આવે તો, તે ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે, the words 'unless the contrary is proved' which occur in this provision make it clear that the presumption has to be rebutted by 'proof' and not by a bare explanation which is merely plausible. A fact is said to be proved when its existence is directly established or when upon the material before it the

Court finds its existence to be so probable that a reasonable man would act on the supposition that it exists. Unless, therefore, the explanation is supported by proof, the presumption created by the provision cannot be said to be rebutted...

(૧૦) ઉપરોકત કાયદાકીય જોગવાઈ ધ્યાને રાખી આ કામે આંક–૦૪ થી હાલના ફરિયાદી પટેલ આનંદ મણીલાલનું સોગંદનામું રજૂ કરેલ છે અને ફરિયાદની હકીકત અને ફરિયાદ પક્ષે રજૂ આંક–૧૯ થી ૨૨ મુજબના દસ્તાવેજી પુરાવાઓને પોતાના અદાલત રૂબરૂના સોગંદ ઉપરના પુરાવામાં સંપૂર્ણપણે સમર્થન આપેલ છે. જે તમામ દસ્તાવેજો જોતાં હાલના આરોપીએ ફરિયાદી પાસેથી નાણાં લીધેલાનું જણાય છે. જેનું આરોપી તરફે કોઇ ખંડન કરવામાં આવેલ નથી.

(૧૧) આ કામે રેકર્ડ ઉપર આવેલ પુરાવાઓનુ મૂલ્યાંકન કરતી વેળાએ "**K Prakashan Vs P.K. Surendram**–2008(1) **SCC 258**" માં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિદ્ધાંત ધ્યાને લેવાનું જરૂરી છે. જે મુજબ "ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૯" અન્વયેનુ અનુમાન ફરિયાદીના લાભમાં કરવા માટે સૌ પ્રથમ ફરિયાદીએ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ માં કરવામાં આવેલી જોગવાઈ મુજબના તત્વો પુરવાર કરવા જરૂરી છે અને આ સાબીતીનો બોજો સૌ પ્રથમ ફરિયાદ પક્ષ ઉપર છે તે મહત્વનો સિદ્ધાંત ધ્યાને રાખી પડેલ પુરાવાઓનુ મૂલ્યાંકન કરતા સમયે અદાલતે એ હકીકત ધ્યાને લેવાની છે કે, ઉપરોક્ત અનુમાનનુ ખંડન કરવાની જવાબદારી અને બોજો આરોપી ઉપર છે અને તે માટે આરોપીએ પુરાવો રજૂ કરવો પડે અને ફરિયાદીની ઉલટ તપાસ દરમિયાન અનુમાનોનુ ખંડન થાય છે તેવી શક્યતા અને સંભાવના ઉભી કરવી પડે અથવા ફરિયાદીએ જે પુરાવા રજૂ કર્યા છે તેનો આધાર રાખી એવી હકીકત સાબિત કરવી પડે. પરંતુ આ કામે આરોપીએ પોતાના બચાવમાં કોઈ પુરાવો રજૂ કર્યો નથી. આરોપીને ઉલટ તપાસ કરવા તેમજ પોતાનો બચાવ રજૂ કરવા પુરતી તક આપેલ હોવા છતાં કોઈ બચાવ લીધેલ નથી.

(૧૨) આમ, અદાલતના રેકર્ડ ઉપર આવેલ ઉપરોક્ત પુરાવાઓ વંચાણે લઈ આ કામના ફરિયાદીનુ આરોપી પાસેનુ લેણુ કાયદેસરનુ હોવાનુ નિઃશંકપણે પુરવાર થાય છે તેમજ, "ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮" મુજબ આ કામના આરોપીએ પોતાની કાયદેસરની જવાબદારી અદા કરવાના હેતુસર ફરિયાદીને આંક–૧૯ વાળો ચેક આપેલ હોવાનું પુરવાર થાય છે અને ફરિયાદીએ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ માં કરવામાં આવેલી સાબિતીના બોજાની જોગવાઈ અન્વયે પુરાવો આપી "ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮" ની જરૂરિયાતો સંતોષેલ હોવાનું અને તે અન્વયે "ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૯" મુજબ ફરિયાદીના લાભમાં ફરિયાદવાળા ચેક બાબતે અનુમાન કરવાનુ આવશ્યક અને જરૂરી હોવાનુ આ અદાલતનું માનવું છે.

(૧૩) હવે, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮(એ) (બી) તથા (સી) થી કરવામાં આવેલી જોગવાઈ કે જે સંપૂર્ણપણે આદેશાત્મક સ્વરૂપની જોગવાઈઓ છે તે પૈકી ફરિયાદીનું આરોપી પાસેનું લેણુ કાયદેસરનુ હોવાનુ પુરવાર થતુ હોઈ અને આરોપીએ ફરિયાદીને આપેલ ચેક ફંડસ ઇનસફીસીયન્ટ હોવાને કારણે પરત આવેલ હોઈ તે પરત આવેલ ચેક બાબતે ફરિયાદીએ આરોપીને નિર્ધારિત સમય મર્યાદામાં નોટીસ આપેલ છે કે કેમ ? તે સંદર્ભે રેકર્ડ ઉપર આવેલ પુરાવાઓ પૈકી સૌ પ્રથમ આંક–૧૯ થી રજૂ થયેલ ચેક વંચાણે લેતાં તે તારીખ ૧/૪/૨૪ ના રોજનો હોવાનું અને તે ક્લીયરીંગના હેતુસર ફરિયાદીએ પોતાના બેંકના ખાતામાં જમા કરાવેલ હોવાનું અને તે આંક–૨૦ ના ચેક રીટર્ન મેમા અન્વયે "ફંડસ ઈનસફીસીયન્ટ" ના કારણે તારીખ ૪/૪/૨૪ ના રોજના રીટર્ન મેમા સાથે પરત આવેલ જે બાબતે આ કામે ફરિયાદી દ્વારા આંક–૨૧ થી આરોપીને કાનૂની નોટીસ પણ મોકલેલી હોવાનું જાણી શકાય છે તથા આરોપીને આપેલ નોટીસ બજી ગયા અંગેનો પોસ્ટ ખાતાનો ટ્રેકીંગ રીપોર્ટ માર્ક–૩/૫ થી રજૂ થયેલ છે, જે આંક–૨૧ વાળી નોટીસ વંચાણે લેતાં તે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ માં કરવામાં આવેલ જોગવાઈઓ સ્વરૂપની નોટીસ હોવાનુ અને તે ચેક પરત થયા બાદથી ૩૦ દિવસની અંદર તે નોટીસ

આપેલ હોવાનુ પણ જણાઈ આવે છે. આ કામે આંક–૨૨ થી આરોપીને કાનૂની નોટીસ મોકલ્યા અંગેની પોસ્ટની પાવતી તથા માર્ક–૩/૫ થી આરોપીને મોકલેલ કાનૂની નોટીસ બજી ગયા અંગેનો પોસ્ટ ખાતાનો ટ્રેકીંગ રીપોર્ટ રજૂ થયેલ છે, જે વંચાણે લેતાં તેમાં જે સરનામુ દર્શાવેલ છે તે જ સરનામુ ફરિયાદના કોઝ ટાઈટલમાં દર્શાવેલ હોવાનું અને તે જ સરનામે આરોપીને અદાલતના પ્રોસેસની બજવણી સારૂ ગયેલ હોવાનુ જણાઈ આવે છે અને તે બજવણી થયેથી આરોપી હાજર પણ થયેલા છે. ઉપરોક્ત તમામ હકીકતો ધ્યાને લેતાં આરોપીને આપેલ નોટીસની બજવણી થયેલ હોવાનુ આ અદાલતનુ માનવુ છે. આમ, આ કામના આરોપીને નોટીસ પ્રાપ્ત થયેલ હોવાનુ સ્પષ્ટપણે જણાઈ આવતુ હોઈ આદેશાત્મક જોગવાઈઓનું પાલન થતુ હોવાનુ રેકર્ડ ઉપરથી જણાઈ આવે છે.

(૧૪) હવે, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ માં કરવામાં આવેલી જોગવાઈઓ મુજબ આરોપીને નોટીસ પ્રાપ્ત થયા બાદથી ૧૫ દિવસની સમય મર્યાદામાં આરોપીએ નોટીસની સુચનાનું પાલન કરવાનું હોય છે અને ૧૫ દિવસની કાયદેસરની સમય મર્યાદામાં આરોપી નોટીસનું પાલન ન કરે તો ત્યારબાદથી એક માસમાં ફરિયાદ દાખલ કરવાની થાય છે, માર્ક–૩/૫ થી રજૂ થયેલ દસ્તાવેજ કે જે ટ્રેકીંગ રીપોર્ટ છે તે મુજબ આંક–૨૧ વાળી નોટીસ આરોપીને તારીખ ૧૭/૪/૨૦૨૪ ના રોજ બજેલ હોવાનું જણાઈ આવે છે. આમ, હાલની ફરિયાદ કાયદેસર રીતે દાખલ થયેલ હોવાનુ અને તે ઉપર અદાલત દ્વારા કોગ્નીઝન્સ લેવામાં આવેલ હોવાનું જણાઈ આવે છે. વધુમાં આરોપીએ નોટીસ બજેલ નથી તેમ સાબિત કરેલ નથી, કોઈ પુરાવો રજૂ કરેલ નથી, જેથી આરોપી વિરૂદ્ધનું અનુમાન કરી શકાય. તેમજ, આંક–૨૧ વાળી નોટીસ આરોપીને મળ્યા બાદ આરોપીએ ફરિયાદીને નોટીસનો કોઈ જવાબ કે લેણી નીકળતી રકમ ચૂકવી આપેલ ન હોવાથી અને ફરિયાદીએ ખોટી હકીકતો આધારે હાલની ફરિયાદ કરેલાનું પણ પુરવાર કરેલ નથી. આમ, તમામ હકીકતો વંચાણે લેતાં આ કામના ફરિયાદીએ આંક–૧૯ વાળો ચેક પરત ફર્યા બદલની આરોપીને અપાવેલ નોટીસ યોગ્ય અને કાયદેસર રીતે બજવણી થયેલ હોવાનુ સ્પષ્ટપણે જણાઈ આવતુ હોઈ,

હાલની ફરિયાદ દાખલ કરતા અગાઉ આ કામના ફરિયાદીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ માં જણાવ્યા મુજબના તમામ આવશ્યક બાબતો પરિપૂર્ણ કરેલ હોવાનુ જણાઈ આવે છે.

(૧૫) આમ, અદાલતના રેકર્ડ પર આવેલ તમામ પુરાવાઓ વંચાણે લેતાં ફરિયાદવાળા ગુનાના કામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮(એ) (બી) તથા (સી) માં કરવામાં આવેલી આદેશાત્મક જોગવાઈઓ પરીપૂર્ણ કરવામાં સફળતા મેળવેલ હોવાનુ અને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૯ મુજબ કાયદાકીય અનુમાન કે જે ખંડનાત્મક પુરાવાને આધિન છે તે આ કામના ફરિયાદીની તરફેણમાં હોવાનુ પુરવાર થાય છે. આ કામે ફરિયાદ પક્ષ તરફે રજૂ કરવામાં આવેલ પુરાવાઓનુ ખંડન કરેલ નથી. જેથી આ કામના આરોપીએ ફરિયાદીના તેના કાયદેસરના બાકી નીકળતા લેણાંની ચુકવણીના હેતુસર જ આંક–૧૯ વાળો ચેક ફરિયાદીને લખી આપેલ હોવાનું નિઃશંકપણે પુરવાર થાય છે તેમજ આરોપીએ ફરિયાદીને લખી આપેલ ચેક ક્લીયરીંગ માટે જમા કરાવતા ફંડસ ઈનસફીસીયન્ટ ના શેરા સાથે પરત આવતા તે બદલની નોટીસ આરોપીને મળવા છતાં તેનુ પાલન આરોપીએ કરેલ ન હોવાનું પણ રેકર્ડ ઉપરથી પુરવાર થતુ હોઈ આ કામના ફરિયાદી આરોપી સામેનુ તહોમત નિઃશંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ છે.

(૧૬).. ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ ફરિયાદીએ તેમની ફરિયાદના સમર્થનમાં દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલા છે. જ્યારે બચાવપક્ષે પોતાના ઉપર રહેલ સાબિતીનો બોજો વહન કરેલ નથી. જ્યારે ફરીયાદી દ્ધારા ફરીયાદના સમર્થનમાં રજુ થયેલ તમામ પુરાવાઓ, દલીલો ધ્યાને લેતાં એમ નિઃશંકપણે સાબિત થાય છે કે, આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે. આ કામે **નામદાર સુપ્રિમ કોર્ટના આર.વિજયન વિ. બેબી અને બીજાઓ તથા નામદાર સુપ્રિમ કોર્ટના ૨૦૨૧ (૦) એઆઈજેઈસી – એસ.સી.૬૬૯૯૮ – કાલામની ટેક્ષ વિ.પી. બાલાસુબ્રમણીયમ**ના ચુકાદાથી પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ આરોપીને ચેકથી રકમથી બમણી રકમ સુધી દંડ તથા ૯ ટકા સાદું વ્યાજ આપવું તેવો

સિદ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. જેથી ઉપરોક્ત બન્ને ચુકાદા માનપૂર્વક ધ્યાને લેતાં આ કામના ફરીયાદીને વળતરની બમણી રકમ આપવી ન્યાયિક જણાય છે. જેથી મુદ્દા નં.૧ નો જવાબ **હકારમાં** આપવામાં આવે છે, અને મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## ◄॥ હુકમ ॥►

(૧) આ કામના આરોપી ડો. પૂજા નિખિલ મહેશ્વરી, રહે. ૧૧, ચામુંડા સોસાયટી, વાવ રોડ, મુ.તા.ભાભર, જી.બનાસકાંઠાનાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૫૫(૨) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે, અને આરોપીને ૨ (બે) વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) વધુમાં, આ કામના આરોપીએ હાલના વિવાદી ચેકની રકમ રૂ.૧૦,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા દસ લાખ પુરા) ની બમણી રકમ ફરીયાદીને ફોજદારી કાર્યરીતી સંહિતા ૧૯૭૩ ની કલમ–૩૫૭(૩) હેઠળ વળતર તરીકે ફરીયાદીને ચુકવવી.

(૩) આ કામના આરોપી આજરોજ જજમેન્ટ સમયે નામદાર કોર્ટમાં હાજર રહેલ ન હોઈ સી.આર.પી.સી. કલમ–૩૫૩(૭) મુજબ આ ચુકાદો આજરોજ નામદાર કોર્ટમાં જાહેર કરવામાં આવેલ છે.

(૪) આ કામના આરોપી વિરુદ્ધ સજા વોરંટ તાત્કાલિક ઈસ્યુ કરવું.

(૫) આરોપી હાજર થયેથી સદર ચુકાદાની નકલ આરોપીને વિના મુલ્યે પુરી પાડવી.

હુકમ આજરોજ તારીખ ૨૨મી, માહે એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ–૨૨–૦૪–૨૦૨૬
સ્થળ – કડી.

**(રામકુમાર આર્ય)**
એડી. ચીફ જ્યુડી. મેજી., કડી.
કોડ નં. જીજે–૦૧૩૨૪